# પ્રકરણ : ૫

# ‘વડવાનલ’ (ધીરુબહેન પટેલ) મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

# ૫. : વડવાનલ (ધીરુબહેન પટેલ) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

## ૫.૧. : સર્જક પરિચય :

ધીરુબહેન પટેલનો જન્મ ૨૯ મે, ૧૯૨૬ ના રોજ વડોદરામાં થયો હતો. ગુજરાતી સાહિત્યના ઈતિહાસકારે પૂરી કૂનેહથી અને ઝીણવટપૂર્વક જેની નોંધ લેવી પડે એ પ્રકારના સાહિત્યનું સર્જન આ અંગ્રેજીના અધ્યાપક એવા ધીરુબહેન પટેલે કર્યું છે. તેમના સર્જન ક્ષેત્રે સ્વરૂપગત વૈવિધ્ય પણ જોવા મળે છે. નવલકથાકાર તરીકે તેમણે 'વડવાનલ', 'શીમળાના ફૂલ', 'વાવંટોળ', 'વમળ', 'ગગનનાં લગન', 'કાદંબરીની મા', 'એક ફૂલગુલાબી વાત', 'એક ડાળ મીઠી', 'પેઈંગ ગેસ્ટ', 'સંશયબીજ' અને 'અતીતરાગ' જેવી નવલકથાઓ આપી છે. લઘુનવલ ક્ષેત્રે એમની પાસેથી 'વાંસનો અંકુર', 'એક ભલો માણસ', 'આંધળી ગલી', 'હુતાશન' અને 'આગંતુક' જેવી કૃતિઓ પ્રાપ્ત થાય છે. 'અધૂરો કોલ', 'એક લહર', 'વિશ્રંભકથા' 'ટાઢ' અને 'જાવલ' જેવા વાર્તાસંગ્રહો; 'પહેલું ઈનામ', 'પંખીનો માળો (ધનસુખલાલ મહેતા સાથે)' અને 'વિનાશને પંથે' નામક નાટકો; 'મનનો  માનેલો' અને 'માયાપુરુષ' જેવા રેડિયો નાટકો; 'નમણી નાગરવેલ' નામનો એકાંકીસંગ્રહ; 'કાર્તિક અને બીજા બધાં' અને 'કાર્તિક રંગરસિયો' જેવી હાસ્યકથાઓ; 'ટોમ સોયરનાં પરાક્રમો', 'હલકબરી ફિનનાં પરાક્રમો' 'ચાલો હસીએ' જેવા અનુવાદો; 'ભવની ભવાઈ' નામે ભવાઈ; 'અંડેરી ગંડેરી ટીપરી ટેન', 'ગોરો આવ્યો', 'બતકનું બચ્ચું', 'મિત્રનાં જોડકણાં', 'પરદુઃખભંજક પેરસ્તનજી' અને 'ગગનચાંદનું ગધેડું' જેવું બાળસાહિત્ય તથા 'કિશોર વાર્તાસંગ્રહ'નું સંપાદન જેવી અવિરતપણે ચાલતી રહેલી સાહિત્યિક પ્રવૃત્તિઓની નોંધથી તેમની સર્જનાત્મક કારકિર્દીનો આછેરો પરિચય મળી રહે છે. ગુણવત્તાની દષ્ટિએ આ કૃતિઓની કોટિ નિર્ધારિત કરવા ભાવકે એ કૃતિઓના પ્રત્યક્ષ સંસર્ગમાં આવવું રહ્યું. તેમણે થોડા સમય માટે 'આનંદ પબ્લિશર્સ' નામની પ્રકાશન સંસ્થાના સંચાલક તરીકેની જવાબદારી પણ નિભાવી છે તેમજ 'સુધા' નામક સાપ્તાહિકના તંત્રી તરીકેની ફરજ પણ અદા કરી છે. આટલી માતબર સાહિત્યિક પ્રવૃત્તિઓ છતાં ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી

સાહિત્યનો ઇતિહાસ' તથા ડૉ. ધીરુભાઈ ઠાકરના 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' નામક ઇતિહાસગ્રંથમાં ધીરુબહેન પટેલની સાહિત્યિક પ્રવૃતિઓના ઉલ્લેખ સિવાય એની ખાસ નોંધ નથી લેવાઈ એનું આશ્ચર્ય છે !

## ૫.૨. : 'વડવાનલ' : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

ઈ.સ. ૧૯૬૩ માં ધીરુબહેન પટેલકૃત 'વડવાનલ' નવલકથાની પહેલી આવૃત્તિ પ્રગટ થાય છે. આ અરસામાં જે નવલકથાઓ લખાઈ તેમાં સ્વરૂપપરક કેટલાંક નવાં વલણો જોવા મળ્યાં છે. એ અરસામાં નવલકથા સાહિત્યસ્વરૂપ ક્ષેત્રે જે અવનવા પ્રયોગો થયા તેમાં નવલકથાની અભિવ્યક્તિશૈલી અને વિષયવસ્તુ પર લેખકોનું ધ્યાન સવિશેષ હતું. 'વડવાનલ' નવલકથા આ સંદર્ભે એક નવા જ વિષયવસ્તુ સાથે વાચકો સમક્ષ પ્રગટ થાય છે. આમ તો નજીક-નજીકની સંબંધી બે સ્ત્રીઓનું વૈમનસ્ય, એમનો એકબીજા પ્રત્યેનો ઈર્ષ્યાભાવ અને એકબીજા પ્રત્યેનો વિરોધ-વેરભાવ એ સાહિત્યમાં નિરૂપાતું આવતું સદીઓ જૂનું કથાનક છે. પણ સ્ત્રી-સ્ત્રી વચ્ચેના વૈમનસ્ય અને ઈર્ષ્યાભાવ પાછળ રહેલા કારણો અને એના કારણે જે કરુણ પરિસ્થિતિ નિર્માય છે એ કથાનકનું મનોવૈજ્ઞાનિક સ્તરે થયેલું બયાન અહીં પહેલીવાર જોવા મળે છે.

નવલકથામાં મુખ્ય ચરિત્ર રેખાનું છે. નવલકથાનો પ્રારંભ જેલના પરિવેશથી થાય છે. રેખાને અંજના પર જીવલેણ હુમલો કરવા બદલ જેલ થઈ છે. તેના પર કેસ હજુ ચાલુ છે. એ દરમ્યાન એક સાધ્વી તેને સતત મળવા આવે છે અને રેખાને તેના ગુનાનું પ્રાયશ્ચિત કરવા સમજાવે છે. રેખાએ ગુનો કર્યો છે એ હકીકત છે છતાં તે પોતાના ગુનાને ગુના તરીકે કબૂલવા તૈયાર નથી અને તેનો પસ્તાવો કરવાય તૈયાર નથી. તે કહે છે : "પણ મને જરાય પસ્તાવો નથી થતો. હું માનું છું કે મેં જે કર્યું છે તે બરાબર જ કર્યું છે."[૧]

નવલકથાનો આરંભ જ રહસ્યમય રીતે અને આપણી જિજ્ઞાસાવૃત્તિ સતેજ થાય એ રીતે થાય છે. સૌપ્રથમ એ સવાલ થાય કે રેખા શા માટે જેલમાં છે ? તેણે અંજના પર જીવલેણ હુમલો કેમ કર્યો ? તેના આ અસામાન્ય વર્તન (Abnormal Behaviour) પાછળ કયા કારણો પડેલા છે ? ભાવક માટે આ પ્રશ્નો તેના કથારસ કે જિજ્ઞાસાવૃત્તિને સતેજ કરનારા

છે. તો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતના ઓજારો દ્વારા વિવેચન-સંશોધન કરનાર વિવેચક-સંશોધક માટે આ પ્રશ્નો પાયારૂપ અને તેમના સંશોધનને પ્રેરક બની રહે એવા છે.

રેખાએ અંજનાની હત્યા કરવાનો પ્રયાસ કર્યો છે. છતાં તે પોતાના આ કૃત્યને અપરાધ તરીકે સ્વીકારવા તૈયાર નથી. પોતે કરેલ કૃત્ય એ અપરાધ નથી એ સમજાવવા તે પેલી સાધ્વીને પોતે લખેલી ડાયરી આપે છે. આ ડાયરીમાં રેખાની આપવીતી લખાયેલી છે. આ ડાયરી રેખાની, હત્યાના પ્રયાસ જેવી, અસામાન્ય વર્તણૂકને સમજવા મનોવૈજ્ઞાનિક અભિગમ ધરાવતા વિવેચક માટે Case History ની ગરજ સારે છે. રેખાએ અંજના પર જીવલેણ હુમલો કર્યો છે. તેના આ અસામાન્ય વર્તન પાછળ અંજના દ્વારા સતત દમિત થતી આવેલી તેની ઈચ્છાઓના આક્રોશનો પડઘો સંભળાય છે. તેનું આ અસામાન્ય વર્તન અકારણ નથી. તેની પાછળ કેટલાંક મનોવૈજ્ઞાનિક પરિબળો કામ કરે છે. આ પરિબળોના મૂળ છેક રેખાના બાળપણમાં પડેલા છે. આમ, છેક બાળપણથી આજ સુધીના તેના જીવનના મહત્ત્વપૂર્ણ બનાવોનું અહીં ડાયરીની પ્રયુક્તિરૂપે બયાન છે. રેખા એક એવા દંપતીનું સંતાન છે જેમનું લગ્નજીવન સ્નેહરહિત છે. રેખાની માના લગ્ન એક દેખાવડા યુવાન જોડે થવાના હતા. તે એ યુવાનને મનોમન ચાહવા પણ લાગી હતી. તેવામાં અકસ્માત એ યુવાનનું અવસાન થાય છે. આ ઘટનાથી તેને આઘાત લાગે છે. તેને જીવનમાંથી રસ ઊડી જાય છે. સમય જતાં સગાંવહાંલાઓની સમજાવટ અને આગ્રહને વશ રહી તે રેખાના બાપુ સાથે પરણે છે. પણ પરિસ્થિતિવશ, પરાણે થયેલા આ લગ્નજીવનમાં તેને રસ ન રહ્યો. આમ, રેખા એ પરિસ્થિતિવશાત્ લગ્નગ્રંથિથી જોડાયેલા દંપતીનું સંતાન છે. ઉત્સાહરહિત દામ્પત્યજીવનવાળા પરિવારમાં જન્મેલી રેખાના બાળમાનસ પર આસપાસના વાતાવરણની અસર થવા લાગે છે. આ સમયથી જ તેના બાળચિત્તમાં લઘુતાગ્રંથિ (Inferiority Complex) ના બીજ રોપાય છે. બાળ-મનોવિજ્ઞાનના દષ્ટિકોણથી જોઈએ તો બાળકના તંદુરસ્ત મનોવિકાસ માટે આવશ્યક એવી આબોહવાનો આ પરિવારમાં સદંતર અભાવ વર્તાય છે. બાળકને સહુથી વધારે માતાના સહવાસ, માતાના સ્નેહની આવશ્યકતા હોય છે. પરંતુ અહીં રેખાની માતાને તો રેખા ગમતી જ નથી. રેખાનો ઉછેર રૂખી જેવી તેના ઘરની નોકરાણી-આયાઓ કરે છે.

રેખાની મમ્મી પોતે ખૂબ સુંદર અને દેખાવડી હતી જ્યારે રેખાના બાપુ દેખાવે ખાસ કદરૂપાય નહોતા અને અતિશય રૂપાળાય નહોતા. રેખા દેખાવે તેના બાપુ પર ગઈ હતી. આથી તેની મમ્મી તેને પસંદ નથી કરતી એવી ભયગ્રંથિ (Phobia) તેના ચિત્તમાં ઘર કરી ગઈ છે. જો કે રેખા ખૂદ પોતાની માતાને ખૂબ ચાહે છે. તે કહે છે : "જ્યારે મા ખુશમિજાજમાં હોય અને તંબૂરો લઈ ગાવા બેસે ત્યારે તેની પાસે જઈને બેસવું મને બહુ જ ગમતું. ત્યારે તે એટલી સુંદર લાગતી કે મને થતું કે ક્યારેય એની પાસેથી ખસવું જ ન પડે તો કેવું સારું ?"[૨] બીજી એક જગ્યાએ પણ નોંધે છે : "મા તો મને બહુ જ ગમતી. તે કેવી રૂપાળી હતી ! તે મને વહાલ કરે એવું મને થયાં જ કરતું."[૩] પરંતુ માતાના આકરા સ્વભાવને કારણે રેખા તેનાથી ડરતી બહુ. ઉપરથી તે મનોવિશ્લેષક કાર્લ યુંગ કહે છે તે પ્રમાણેનું અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતી હતી. આથી, પોતાની સંવેદનાને માતા સમક્ષ સહજતયા પ્રગટ નથી કરી શકતી. આમ, પોતાની જ વેદનામાં ઘૂંટાઈ ઘૂંટાઈને તે લઘુતાભાવ અનુભવવા લાગે છે અને માતા માટે અને પરિવારના અન્ય સભ્યો માટે પોતાનું કોઈ મૂલ્ય નથી એવી ભાવના અનુભવે છે.

બીજી બાજુ નોકરાણી રૂખી પાસેથી રેખાએ સાંભળ્યું છે કે રેખાના જન્મ વખતે તેની મા ખૂબ જ માંદી થઈ ગઈ હતી. રૂખીની આ વાત પરથી રેખાના મનમાં એવી ગ્રંથિ બંધાય છે કે મારા જન્મના કારણે મારી મા મરવાની હતી એટલે કદાચ એ મને પસંદ નહીં કરતી હોય. કાશી માળણના કથનથી તો તેની ગ્રંથિ વધારે ઘેરી બને છે. કાશી માળણના કહેવા પ્રમાણે રેખાની માને છોકરાની આશા હતી, પણ જન્મી દીકરી-રેખા. ઉપરથી આવી ગંભીર માંદગીના પરિણામે બીજીવાર સંતાન થાય એવી કોઈ શક્યતા રહી નહોતી. રેખા ચેતનસ્તરે તો એવું વિચારવા લાગે છે કે આ જ કારણો છે જેના લીધે મારી મમ્મી મારા પ્રત્યે અણગમો દાખવે છે. તેના આવા વિચારો અચેતનસ્તરે પણ ગંભીર રૂપ ધારણ કરી રહ્યા હતા. મમ્મીનો સ્નેહ તેને મળતો નથી તેથી તે તેના સ્નેહને પામવા હવાતિયાં મારે છે. એટલું જ નહિ જેવો અને જેટલો સ્નેહ મળે છે એ પણ ઓછો થઈ જશે એવા ભય (Phobia) હેઠળ તે સતત રહે છે. મમ્મી અને પોતા વચ્ચે જે અંતર છે તે દૂર કરવા તે સતત મથે છે. પણ સંજોગવોશાત્ એ અંતર ઘટવાને બદલે વધતું જ જાય છે. આ પરિબળો તેની લઘુતાગ્રંથિને ઘેરી બનાવે છે. લઘુતાગ્રંથિમાંથી જ તેનો તીવ્ર માલિકીભાવ સતેજ થાય છે. પોતાની વસ્તુ

પ્રત્યે તે જે અતિશય માલિકીભાવ ધરાવે છે તેની પાછળનું કારણ પોતાની પ્રિય વસ્તુ કોઈ પડાવી લેશે એવો તેનો ભય (Phobia) અને તેની લઘુતાગ્રંથિ (Inferiority Complex) છે.

બાળ-મનોવિજ્ઞાનિકોના દષ્ટિકોણ મુજબ બાળક જન્મથી જ જગતને માલિકીભાવની દષ્ટિએ જોતું હોય છે. એમાંય જે બાળક-વ્યક્તિ અચેતનસ્તરે ભયગ્રંથિ ધરાવતો હોય તે કાં તો માનસિક રીતે ભાંગી પડે છે કાં ખૂબજ મહત્ત્વાકાંક્ષી-માલિકીભાવ ધરાવતું થાય છે. અહીં પણ એવું જ બને છે. રેખાના અચેતનમાં ઘર કરી ગયેલો ભય તેને વધારે તીવ્ર માલિકીભાવવાળી બાનવે છે. આવા જ સમયે ઘરમાં અંજનાનું આગમન થાય છે. અંજના રેખાના મામાની દીકરી છે. અંજનાની માતા મૃત્યુ પામી છે અને તેના પિતા વિદેશ-આફ્રિકા જવાના હોવાથી તે પોતાની ફોઈને ત્યાં રહેવા આવે છે. અંજનાના મેલાં-ઘેલાં કપડાં જોઈ અનુકંપાથી પ્રેરાઈ રેખા તેને પોતાના સારાં કપડાં આપવાનું વિચારે છે. કપડાં આપવા પાછળનો રેખાનો ભાવ સમજ્યા વિના તેની મમ્મી તેના પર ખીજાતા કહે છે : “કેમ, સમજ નથી પડતી ? એ તારી બહેન છે, કોઈ ભિખારીની છોકરી નથી. બોલવા-ચાલવાનું કંઈક તો ભાન રાખતી જા.”[૪] માનો આવો આક્રોશભર્યો વ્યવહાર જ એ મા-દીકરી વચ્ચે અંતર ઊભું કરે છે. આ કારણે જ તેને માતા કરતાં પિતા વધારે ગમે છે. પણ રેખા જુએ છે કે ઘરમાં આવેલી અંજના સાથે મા કેવી સ્નેહભરી રીતે વર્તે છે. આથી તે એકબાજુ અંજના કરતાં મા તેને વધારે ચાહે એની સ્પર્ધામાં પડે છે તો બીજીબાજુ તેની મમ્મી અંજના જોડે જે રીતે સ્નેહપૂર્વક વર્તે છે એ જોઈને રેખાને પોતાની પ્રિય મમ્મીનો સ્નેહ ગુમાવવાનો ભય સતાવે છે. અંજના દેખાવે પણ ખૂબ સુંદર હતી. મા પણ તેને ખૂબ ચાહતી હતી. આ બંને બાબતોનો રેખાના જીવન પર અસરકારક પ્રભાવ પડે છે.

બાળ-મનોવૈજ્ઞાનિકોના મતે બાળકો સામે પોતાના ઘરમાં, પોતાના આસપાસના પરિવેશમાં પોતાની ઓળખ (Identity) ઊભી કરવી એ પ્રાણપ્રશ્ન છે. જન્મથી જ બાળકની દરેક ઇચ્છા વિના વિઘ્ને પરિપૂર્ણ થાય તો એ બાળક પોતાના મનનું સંતુલન જાળવી શકે છે અને તેના વર્તન-વ્યવહાર સામાન્ય (Normal) હોય છે. પરંતુ આ બાળકની ઇચ્છાઓ અવરોધાય (Resistance) તો તેની માનસિકતા દિવાસ્વપ્નો (Day Dream) બાજુ ઢળી પડે છે. દિવાસ્વપ્નો મારફતે તે પોતાની ઇચ્છાઓ સંતોષે (Wish fulfillment) છે અને

આસપાસના પરિવેશમાં પોતાનું કંઈક ખાસ મૂલ્ય છે એવું મનમાં પ્રસ્થાપિત કરે છે. બાળકોના આવા દિવાસ્વપ્નોમાં મોટે-ભાગે એક દિવાસ્વપ્ન સામાન્યતઃ કંઈક આ પ્રમાણે હોય છે ; તે વિચારે છે કે હું મરી જાઉં અથવા ઘર છોડીને નાસી જાઉં તો જ ઘરના લોકો મારું શું મહત્ત્વ છે તે સમજે. જોકે આ બાબત માત્ર નાના બાળકોને જ લાગુ પડે છે એવું નથી. મોટેરાંઓ પણ ઘણીવાર આવું જ કશું વિચારતા હોય છે.

પ્રસ્તુત નવલકથામાં પણ બાળકોના આવા દિવાસ્વપ્નોનું અથવા તરંગી વિચારોનું બખૂબી અને સકારણ નિરૂપણ કરવામાં આવ્યું છે. અંજના રેખા વિરુદ્ધ રેખાના બાપુના કાન ભંભેરે છે ત્યારે બાપુ હકીકત જાણ્યા વિના જ રેખા પર ગુસ્સે થાય છે. આ સમયે રેખાનું બાળમાનસ જે રીતે તરંગે ચડે છે તે નોંધવા જેવું છે : "'અંજના કેવી ખરાબ છે ! જૂઠ્ઠી, ચાડિયણ...પણ બધાં જ એની વાત સાચી માને છે. મા તો ઠીક પણ બાપુ...' બાપુનો મારા પ્રત્યેનો એ વર્તાવ એકદમ અણધાર્યો હતો. એટલે જ એનો મને વધારે આઘાત લાગ્યો હતો. મને થયું કે હું ક્યાંક નાસી જાઉં અને પછી બધા મને શોધે તોયે ન મળું તો કેવું સારું ! મા ને બાપુ બંને નિરાશ થઈને કહે, 'અમારી છોકરી રેખા કેવી સરસ હતી. અમે બિચારીને વગર વાંકે વઢ્યાં એટલે એ ઘર છોડીને ચાલી ગઈ.' પછી મા ખૂબ રડે. ફાવે તેટલું છોને રડે, એમ કંઈ હું પાછી આવવાની હતી ? અને બાપુ...એમને મેં કદી રડતા જોયા નહોતા – ભલેને એ ન રડે? એમને પણ દુઃખ તો થાય જ. એમને પસ્તાવો થશે કે 'હું વગર તપાસે શા માટે વઢ્યો ? એની વાત પણ મેં ન સાંભળી...' "[૫]

નિશાનબાજી જોવા જવાનો આખો પ્રસંગ પણ રેખાના બાળમાનસને સુંદર રીતે છતું કરે છે. રેખાના માતા-પિતા નિશાનબાજી જોવા જતી વખતે અંજનાને જોડે લઈ જાય છે, રેખાને નહીં. માતા-પિતાના પોતા સાથેના આવા વ્યવહારનો જબરો આઘાત રેખાના બાળમાનસ પર થાય છે. માતા-પિતાના હૃદયમાંથી પોતા પ્રત્યેનો પ્રેમ ભૂસાઈ જશે એવા ભયની જે ગાંઠ તેના મનમાં ઘર કરી જાય છે તે આ પ્રસંગથી વધારે ગાઢ થાય છે. જુઓ તે શું વિચારે છે : "મારા બાપુ પણ મારા મટી ગયા. એ પણ અંજનાના થઈ ગયા. હવે મારે જીવીને શું કામ હતું ? મેં રડતાં રડતાં જ રૂખીને કહ્યું 'જોજેને હવે હું મરી જઈશ' "[૬]

રેખાના ચિત્તમાં જે લઘુતાગ્રંથિ વિકસે છે તેની પાછળ કેટલીક મહત્ત્વની ઘટનાઓ કારણભૂત છે. જેમકે રેખા અંજના સાથે પહેલી જ વાર સ્કૂલામાં જાય છે. અકસ્માત્ રેખાની

ભૂગોળની ચોપડી ખોવાઈ જાય છે. વર્ગમાં તેને એ ચોપડી વાંચવા માટે ઊભી કરવામાં આવે છે. અંજના રેખાને પોતાની ચોપડી નથી આપતી. શિક્ષક રેખાની પૂરી વાત સાંભળ્યા વિના જ તેના પર ગુસ્સે થાય છે અને તેના દસ માર્ક્સ કાપી લે છે. આમ, તેના પ્રિય વિષયમાં જ તેના દસ માર્ક્સ કપાવાથી તે નાનપ અનુભવે છે. તેની ગાંઠ મજબૂત થાય છે કે જે તેને અતિપ્રિય વસ્તુ છે એ તેનાથી હંમેશાં દૂર જ થાય છે.

તેના મનની આ જ ગાંઠને બીજી એક ઘટનામાં પણ સમર્થન મળતું હોય એવું લાગે છે. નાનપણથી રેખાનો ઉછેર તેની નોકરાણીઓના હાથે થયો છે. એમાં પણ રૂખી સાથે તેના મમતાભર્યા સંબંધો હતા. પરંતુ અંજનાની ઈર્ષ્યા અને મમ્મીની હઠના કારણે રૂખી તેના જીવનમાંથી દૂર થઈ જાય છે. આમ, જેણે માતાની જેમ તેને સાચવી'તી એ રૂખીના જવાથી તેના મનને ઠેસ લાગે છે. ઘોડા પરથી પડી જાય છે અને બે મહિના સુધી બેશુદ્ધ અવસ્થામાં રહે છે એ દરમ્યાન તેની સારવાર માટે ઘરમાં રહેતી નર્સ સીતા સાથે પણ તેના અંતરના સંબંધો છે. પરંતુ સમય થતાં તેને જવાનું થયું ત્યારે રેખા ફરી એક સ્નેહી ગુમાવ્યાનો આઘાત અનુભવે છે. કાશી માળણ સાથે રેખાને ગમતું અને કાશીનો દીકરો દેવજી ઘણીવાર રેખા સાથે રમતો. રેખા પોતે જ દેવજીને પોતાનો બાળપણનો ખાસ મિત્ર ગણાવે છે. પરંતુ આવા સમયે જ તેની માતા તેને નોકરનાં છોકરાઓ જોડે રમવાની મનાઈ કરે છે. આથી રૂખીની જેમ કાશી માળણ અને દેવજીને પણ મમ્મી નોકરીમાંથી કાઢી મૂકશે એ ભયથી રેખા તેને ત્યાં જવાનું ટાળે છે. આ સમયે રેખા જે સંવેદના અનુભવે છે તે નોંધનીય છે : "માએ આજ લગી હું એ બધાં સાથે રમું એમાં કશો વાંધો લીધો નહોતો, ખરું પૂછો તો મારામાં બહુ રસ જ લીધો નહોતો. નિરૂપયોગી પણ નિરૂપદ્રવી પ્રાણીની પેઠે હું ઘરમાં રહેતી હતી"[૭] આમ, જીવનમાં જ્યારે જ્યારે તેણે સ્નેહભર્યા સંબંધો વિકસાવ્યા ત્યારે ત્યારે તેને દુઃખ અને ભયનો અનુભવ કરવો પડ્યો છે. આવી વ્યક્તિને સ્નેહીઓના સદ્ભાવની ખૂબ આવશ્યકતા હોય છે. એમાંય માતાનો સ્નેહ જો તેમને મળે તો તેમનો ઘણાં ભાગનો માનસિક તણાવ (Mental Stress) હળવો થઈ જાય. પરંતુ માતાનો સ્નેહ રેખાના નસીબમાં ક્યાંથી ! ઘોડા પરથી પડી જવાને લીધે પથારીવશ હતી ત્યારે એકવાર રેખા અચાનક માને યાદ કરે છે અને તેના ખોરામાં સૂવાની ઈચ્છા વ્યક્ત કરે છે ત્યારના એક-બે સંવાદ પરથી ખ્યાલ આવે છે કે બાળક તરીકે રેખા શું ઝંખે છે અને તેને શું મળે છે ? જુઓ :

““કંઈ નહીં, તમે બેસોને, મારી પાસે !”

“લે બેઠી તો છું !”

મા પાસે જ હતી, છતાં મને કંઈક અંતરનું ભાન થયું. હું એની વધારે પાસે ખસી.

“રેખા ! મારી સાડી બધી ચોળાઈ જશે હં.”

ઓશિયાળી થઈ જઈને હું બોલી, “તમારે ખુરશીમાં બેસવું છે ?”

“તો તો તું બહુ જ ડાહી” કહીને મા હાશ કરીને ઊઠી. સામે આરામખુરશીમાં બેઠી. તેના નાજુક ગોરા કાંડા પર હીરા જડેલું વિલાયતી ઘડિયાળ હતું. તેમાં તેણે સમય જોયો...””[૮]

આ સમગ્ર પ્રસંગમાંથી પસાર થતાં આપણે અનુમાન કરી શકીએ છીએ કે રેખા તેની માતા સાથે કેવો ભાવ રાખતી. કોઈ પણ સંવેદનશીલ ભાવકને થાય કે કેવી મા છે ! દીકરી પોતાનું સાંનિધ્ય ઝંખે છે તેના કરતાં એની સાડી ચોળાઈ જાય એ બાબત તેના માટે વધારે મહત્ત્વપૂર્ણ છે. પોતે રેખાના પલંગ પરથી ઊઠી દૂર પડેલી ખૂરશીમાં બેસવા જાય છે ત્યારે ‘હાશ’ કહે છે અને ઘડિયાળમાં સમય જુએ છે આ આખું દશ્ય રેખા પ્રત્યેની તેની લાગણીવિહીનતાનું સૂચક બની રહે છે. સર્જકે પણ કેટલી સુંદર રીતે આ દશ્ય નિરૂપી મા તરીકેની રેખાની મમ્મીની લાગણીવિહીનતા સૂચવી દીધી છે.

રેખાના માનસ પર અંજનાના વ્યવહારની ખૂબ જ ઊંડી અસર પડે છે. વારંવાર અંજનાની માનસિક સતામણીના કારણે તે જે માનસિક તાણ (Mental Stress) અનુભવે છે તેનો સાઘાત અનુભવ કરાવતો એક પ્રસંગ નોંધીએ. નર્સ સીતા રેખાને જણાવે છે તે મુજબ રેખા અંજનાની ક્રૂરતાથી એટલી ડરતી હતી કે બેશુદ્ધ અવસ્થામાં પણ તે રાડારાડ કરી મૂકતી હતી. સીતા રેખાને પૂછે છે કે તું અંજનાને ચાહે છે ? ત્યારે રેખા સ્પષ્ટપણે જણાવે છે : ‘ના. હું એને નથી ચાહતી’[૯] રેખાને અંજનાના છળકપટનો ધીરેધીરે ખ્યાલ આવતો જાય છે પણ તે લાચાર છે. તે અંજનાની જેમ પરિસ્થિતિનો લાભ નથી ઊઠાવી શકતી. ઉપરથી તે અતિ-સંવેદનશીલ છે આથી અંજના પ્રત્યે ચાહવા છતાં તે ક્રૂરતા નથી દાખવી શકતી. તેના મનમાં અંજના પ્રત્યે ઉકળાટ છે પણ તે મનમાં જ રહે છે. રેખા ઘોડા પરથી પડી ગઈ હતી એ સંદર્ભે તેના બાપુ તેને પૂછે છે ‘રેખા મને એક વાત કરીશ ? તને કોણે પાડી નાખી ?’[૧૦] આ સમયે રેખાએ જો અંજનાનું નામ આપ્યું હોત તો કાયમ માટે તે અંજનાના માનસિક ત્રાસથી બચી

જાત. પણ રેખા એવું નથી કરતી, નથી કરી શકતી. એમાં તેની સંવેદનશીલતા ઉપરાંત સંનિષ્ઠા અને સ્વાભિમાન આડે આવે છે.

અંજના તરફથી સતત માનસિક ત્રાસનો ભોગ બનતી આવતી બાળ-રેખા તેને કોઈ પણ રીતે માત આપવા તરફડે છે. આ તરફડાટને લીધે જ આગળ જતાં તેના સ્વભાવમાં મહત્ત્વાકાંક્ષી વૃત્તિઓ વિકસે છે. તેને ખ્યાલ આવી જાય છે કે પોતાના વર્તન-વ્યવહારથી માતા-પિતાનો સ્નેહ પામવા તે અંજના જેટલી સમર્થ નથી. આથી માતા-પિતાના હૃદયમાં સ્થાન-માન મેળવવા તે બીજો – અભ્યાસનો માર્ગ અપનાવે છે. અહીં માતા-પિતાનો સ્નેહ પામવાની મહત્ત્વકાંક્ષા સંનિષ્ઠપણે અભ્યાસમાં આગળ વધી સારું પરિણામ લાવવામાં Divert થતી હોય એવું લાગે છે. અંજનાને માત આપી પોતાની જાતને કંઈક સાબિત કરવા તે પરીક્ષાની પૂરજોશમાં તૈયારીઓ કરે છે. કોઈ પણ હિસાબે પરીક્ષામાં સારા માર્ક્સ મેળવી તે અંજના કરતાં આગળ વધી પોતાની મહત્ત્વકાંક્ષાને પરિતોષવા ચાહે છે. પણ એ જ સમયે તેની માતા તેને રોકતાં કહે છે કે અંજના પરીક્ષા નથી આપતી એટલે તારે પણ ન આપવી. આ સમયે રેખાનું પીડિત માનસ પોકારી ઊઠે છે કે “શું આ માત્ર એક વરસનો સવાલ હતો ? ખરેખર તો એ મારી જિંદગીનો સવાલ હતો. કાયમ - કાયમ શું આમ જ બન્યા કરવાનું ? અંજનાની ઇચ્છા-અનિચ્છાને આધીન જ મારી જિંદગી ચાલ્યા કરવાની ?[૧૧]

પોતાની અલગ ઓળખ ઊભી કરવા રેખા જે જે પ્રયાસો કરે છે તેમાં અંજના વારંવાર કોઈ ને કોઈ વિઘ્ન નાખે છે. સતત મળતી હાર અને માતાપિતા સામે તેને જે નીચું જોવાનું થાય છે તેના વરવા આઘાતની અસર તેના અચેતન માનસને થાય છે. ધીમેધીમે તેની માનસિકતા અંજના દ્વારા થતાં આઘાતોનો સામનો કરવાને બદલે તેને કોઈપણ જાતના પ્રતિકાર વિના સહી લે છે. જુઓ તે શું વિચારે છે : “મારી દશા એ દર્દી જેવી છે જેને શરીરના એકાદ અંગમાં જીર્ણ વ્યાધિ વળગ્યો હોય. વેદના નિર્મૂળ થવાનો તો પ્રશ્ન જ નહોતો, પણ તે કોઠે પડી ગઈ હતી.”[૧૨] અંજના વારંવાર તેને ટોર્ચર કરે છે આથી ધીમે ધીમે તેની પ્રતિકાર કરવાની શક્તિ જ હણાઈ જાય છે. અંજના જે કહે તેને કોઈ પણ જાતના વિરોધ વિના કે કોઈ પણ જાતના વાંધાવચકા વિના પોતાને પ્રતિકૂળ હોવા છતાં એને સહજ રીતે સ્વીકારી લે છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ જોઈએ તો આવશ્યકતા હોય ત્યાં પણ વ્યક્તિ પ્રતિકાર ન કરે તો એ તેની માનસિક અસામાન્યતાનું લક્ષણ ગણાય. અહીં રેખા શું કહે છે તે

જુઓ : “મારું જે કંઈ હોય તેના પરનો અંજનાનો હકદાવો મેં પણ હવે સ્વીકારી લીધો હતો. મારી મહેનતના ફળ ઉપર તે યશસ્વિની બને એમાં મને કંઈ અજુગતું કે ખોટું લાગતું નહોતું”[૧૩] આરંભે જે રેખા પોતાની કોઈ પણ વસ્તુ ઉપર કોઈને પણ અધિકાર જમાવવા ન દેતી એ જ રેખા આગળ જતાં આવું બોલે અને એ પણ કોઈ વસ્તુ માટે નહીં, પોતાની મહેનતના ફળ માટે આવું બોલે ત્યારે આપણને વિચાર આવે કે તેની માનસિકતામાં આટલું મોટું પરિવર્તન કેમ ? વચ્ચેના ગાળામાં એવું તો કશુંક બન્યું જ હશે કે જેના કારણે તેનું આટલી હદે માનસિક અધ:પતન થયું. પોતાના અધિકાર કે પોતાના સ્વાભિમાન માટે લડવાની અસમર્થતા તેની માનસિક પીછેહઠ, પરાગતિનું સૂચન કરે છે.

ચેતનસ્તરે ભલે રેખાએ પોતાની જાત પર અંજનાનું આધિપત્ય સ્વીકારી લીધું હોય પણ અચેતનસ્તરે તે સતત અંજનાના આધિપત્ય સામે બળવો કર્યા કરે છે. તે અજાણતાં જ દિવાસ્વપ્નોમાં રાચવા લાગે છે. રેખાનું એક દિવાસ્વપ્ન જુઓ : “કલ્પનાશક્તિને જોરે હું અનેક પ્રસંગો રચતી, કેટલાંયે પાત્રો સર્જતી અને દરેકમાં મુખ્ય સ્થાને મને પોતાને રાખતી, અંજનાને કોઈ વાર કૂબડી ભિખારણ બનાવતી તો કોઈ વાર ડાકણ. દરેક વખતે તેને મારી આગળ આંસુ સારીને માફી માગવી પડતી. અને રાજસિંહાસને બેઠેલી હું કોઈ વાર તેને સજા કરતી, તો કોઈ વાર માત્ર કદરૂપી બનાવી છોડી દેતી. મા અને બાપુ મારા ઉપર સ્નેહ દર્શાવવા તલસતાં પણ તેમની સાથે રિસાઈને હું મોં ફેરવી દેતી. કહેતી, ‘જાઓ, તમને તો અંજના જ વહાલી હતી ને ! હવે મારું શું કામ પડ્યું ?’ ”[૧૪] રેખાનું આ દિવાસ્વપ્ન ઘણું સૂચક છે. તેમાં તેની દમિત ઇચ્છાઓ, તેનો લઘુતાભાવ અને તેની મહત્ત્વકાંક્ષાઓ બખૂબી પ્રગટ થઈ છે. પોતાની બધી વસ્તુ પર, એટલે સુધી કે પોતાના માતા પિતા પર પણ અંજના પોતાનો અધિકાર જમાવે છે, આથી રેખા દિવાસ્વપ્નમાં તેને ભિખારણ કે ડાકણ બનાવે છે. ઘણીવાર અંજના તેના પર જોહુકમી કરે છે અને જો રેખા તેને ના ગાંઠે તો કોઈ પણ રીતે તેને માતા-પિતાની નજરોમાં ઊણી ઉતારે છે. આ ઘટનાની પ્રતિક્રિયા રૂપે રેખા દિવાસ્વપ્નમાં પોતાની જાતને સિંહાસન પર બેઠેલી જુએ છે જેથી તે અંજના પર જોહુકમી કરી પોતાનું વેર લઈ શકે. રેખાની મમ્મી અંજનાને રેખા કરતાં વધારે ચાહે છે કારણ કે અંજના રૂપાળી છે. આમ, અંજનાનું રૂપ એ રેખા અને માતાનો સ્નેહ પામવાની તેની ઇચ્છાની પરિપૂર્તિ (Wish

fulfillment) માં અંતરાયરૂપ બની રહે છે. આથી દિવાસ્વપ્નમાં રેખા અંજનાને કદરૂપી બનાવી દે છે.

આમ, બાળપણમાં રેખા અનેક રીતે માનસિક યાતનાઓનો ભોગ બને છે. ભણવામાં ખૂબ હોશિયાર હોવા છતાં રેખા ખુશ નથી કારણ કે તેને જ્ઞાન કરતાં માતાપિતાના સ્નેહની વધારે આવશ્યકતા છે. તે માતાપિતાના સ્નેહસભર વ્યવહારની ભૂખી છે. સ્નેહના અભાવે તેને મળતી શૈક્ષણિક સફળતાઓ પણ ફિક્કી લાગે છે.

## ૫.૩. : રેખાની તરુણાવસ્થાની માનસિક મૂંઝવણો :

રેખાને દમની કાયમી બિમારી થવાની સંભાવના હોવાથી ડોક્ટર તેના પિતાને સલાહ આપે છે કે રેખાને થોડા સમય માટે આબુ પર મૂકો જેથી ત્યાં તેને સૂકી હવા મળી રહે અને દમની બિમારી અટકે. તેના પિતા આબુની શાળામાં રેખાની ભણવાની વ્યવસ્થા કરે છે. અચાનક છાત્રાલયમાં જઈ ચડેલી રેખાની મૂંઝવણોનો કોઈ પાર નથી. કોઈ પણ કામ માટે સતત હાજર રહેતા નોકરો વચ્ચે ઉછરેલી રેખાને જ્યારે છાત્રાલયમાં બધાં કામ જાતે કરવાના આવે છે ત્યારે તેને એ બધું બહુ અઘરું લાગે છે. એટલી હદ સુધી અઘરું લાગે છે કે એને પોતાના વાળ ઓળતા નથી આવડતું આથી ત્રાસીને તે વાળ જ કાપી નાખે છે. તારુણ્યના ઊંબરે ઊભેલી રેખાના ચિત્તમાં જાગતી ઊર્મિઓ જોઈએ : “આ પણ કુદરતની એક બલિહારી હતી કે જ્યારે આવી જાતના વિચારોએ સ્પષ્ટ રૂપ ધરવા માંડ્યું તે જ વખતે હું એકજ એવી શાળામાં ધકેલાઈ ગઈ કે જ્યાં માત્ર છોકરીઓ જ હતી. શીખવવા માટે પણ મોટી ઉંમરની અને કડક સ્વભાવની શિક્ષિકાઓ જ હતી. માત્ર એક બુઢ્ઢા દરવાનને માફ કરતાં કોઈ પુરુષનું મોં જોવા મળે નહીં....પરંતુ વિચારો પર કોઈનો અંકુશ હોતો નથી. મને વારંવાર છોકરાઓના વિચાર આવવા લાગ્યા.”[૧૫] અહીં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે તરુણાવસ્થાના દ્વારે ઊભેલી સ્ત્રીનું મન કેવી ઝંખનાઓ સેવે છે. વળી આપણે ત્યાં શિક્ષણજગતનો સતત ચર્ચાતો કોયડો છે કે છોકરા-છોકરી એકસાથે એક જ શાળામાં ભણે એ સારું કે બંને માટે અલગ અલગ શાળા હોવી હિતાવહ છે ? જો અલગ શાળાઓની વ્યવસ્થા કરવાનું વિચારીએ તો રેખા જે મૂંઝવણ અનુભવે છે તેને પણ નજરઅંદાજ ન કરવી જોઈએ.

આબુના બીજા વર્ષે રેખા તેની શાળામાંથી બધાં સાથે નખી સરોવર જોવા જાય છે. એ સમયે એક યુવાન એને ધારીધારીને જોઈ રહે છે આ સમયે રેખાના ચિત્તમાં જે ઊર્મિઓ કે વિચારો ઊભરાય છે તેમાંથી એક તરુણીની મનઃસ્થિતિનું એક પાસું પ્રકાશિત થાય છે. તે વખતે રેખાની ઉંમર તેર વર્ષની હતી. આ સમયે તે જે ભાવો અનુભવે છે તે નોંધવા જેવા છે : "ઓચિંતાની મને આ ટોળાની સાથે હોવા બદલ , એમાંની એક હોવા બદલ ખૂબ શરમ આવી. મને થયું આ અપરિચિત જુવાન જો મને આ શાળાનાં ગણવેશમાં, આ ધમાલ મચાવતી છોકરીઓ સાથે ન જુએ તો કેવું સારું ! મેં અંજના જેવા સુંદર કપડા પહેર્યાં હોય – અચાનક મારી દષ્ટિ એના તરફ ગઈ.....કશીક ચોરી કરી હોય અને પકડાઈ જવાનો ડર હોય તેમ હું અસ્વાભાવિકતાથી બધાં સાથે હસીહસીને વાતો કરવા લાગી......ત્રણચાર દિવસે એક સાંજે વળી પાછો મેં પેલાને અમારા મકાન સામેના રસ્તા પર ફરતો જોયો. હું દેખાઈ ન જાઉં તેની પૂરતી તકેદારી રાખીને મેં પણ બારીમાંથી ઠીક ઠીક વખત સુધી એની સામે જોયું....મારા મનમાં લાગણીઓએ ધમાલ મચાવી મૂકી હતી. ગુસ્સો, ડર અને કોઈએ ખુશામત કરી હોય ને જેવું સારું લાગે તેવો એક જાતનો મધુર ભાવ – મનમાં ગડમથલ થયા કરતી હતી. કોઈક અંદરથી કહેતું હતું 'આ બધું ખોટું થાય છે – મારે શિક્ષિકાને ફરિયાદ કરવી જોઈએ'.....વળી પાછા વિચાર આવતા,...તું તારી જાતને સાચવ. અને એક અત્યંત મંદ ભાવ ઊપસી આવતો, 'પણ મને આ બધું ગમે છે. સારું લાગે છે.' "[૧૬]

યુવાવસ્થાના ઉંબરે ઊભેલી રેખા એક બાજુ તેનામાં સ્ત્રીસહજ જે શારીરિક બદલાવો (Physical Changes) આવે છે તેના કારણે મૂંઝવણ અનુભવે છે. તો બીજી બાજુ યુવાવસ્થાએ જાગ્રત થતી મહત્ત્વકાંક્ષાઓ અને ઈચ્છાઓનું તુમૂલ આક્રમણ તેના ચૈતસિક વિશ્વને ડામાડોળ કરી નાખે છે. આવી સ્થિતિમાં કોઈ પણ સ્ત્રીને કોઈક વડીલ સ્ત્રીના સ્નેહસભર માર્ગદર્શનની ખૂબ આવશ્યકતા હોય છે. આ સમયે માતાની ભૂમિકા ખૂબ અગત્યની હોય છે. માતા જો સખીભાવે પોતાની દીકરીની દેખભાળ રાખે અને સમજદારીપૂર્વક તેની વયસહજ મૂંઝવણોનું સમાધાન કરે તો તરુણીની મોટાભાગની માનસિક તાણ ઓછી થાય છે. રેખા આ ઉંમરે પહોંચે છે ત્યારે તે ખૂબ મૂંઝવણ અનુભવે છે. માતા તેની સાથે જે પરાયા જેવો વ્યવહાર કરે છે એના કારણે રેખા તેને કશું પૂછી નથી શકતી

અને બીજી કોઈ સ્ત્રીને પૂછતાં તેને સંકોચ થાય છે. આવી પરિસ્થિતિને કારણે તે વધારે ને વધારે સંકોચ અને લઘુતાભાવ અનુભવે છે.

આ જ અરસામાં તે અંજના પર આવેલો પ્રેમપત્ર વાંચે છે જે તેના મન પર એક જુદી જ અસર કરે છે. તે પોતાના મનમાં ઊઠતી ઈચ્છાઓને સંતોષવા દિવાસ્વપ્નોમાં રાચવા લાગે છે જુઓ : "ભણવાનું તો જાણે ગમતું જ નહોતું. દિવસ ને રાત પ્રેમ કરવાનાં, પરણીને બીજે ઘેર જતાં રહેવાનાં જ સ્વપ્નાં આવતાં. મને એક આંધળી માન્યતા બંધાઈ ગઈ હતી કે આ ઘર છોડું એટલી વાર. પછી તો હું નક્કી સુખી થવાની જ છું."[૧૭] અહીં આપણે જોઈ શકીએ છીએ કે રેખાના ચિત્તમાં પ્રેમ પામવાના અરમાનો જાગે છે. સાથોસાથ તેના ચિત્તમાં એ વાત પણ ઘર કરી જાય છે કે હવે તો આ ઘર છોડીને જવું તો જ હું સુખી થઈશ. બીજે ઘેર – સાસરે જ સુખી થઈશ એવું તે માનવા લાગે છે. આવા સમયે જ રેખા પર એક અજાણ્યો પત્ર આવે છે. તેમાં શાળાનો વર્ગ પૂરો થયા પછી મળવાનું લખ્યું હતું. રેખા પત્ર લખનારની રાહ જુએ છે. ત્યાં વરુણ આવે છે. વરુણે કાગળ લખ્યો છે એ જાણીને રેખા જે અનુભવે છે તે જુઓ : "જોર જોરથી ડૂસકાં ખાઈને હું રડતી હતી અને મારા મનમાંથી કડવાશનો, ફરિયાદનો ધોધ વહેતો હતો. શા માટે, કયા પ્રારબ્ધે મારી આવી ક્રૂર મશ્કરી માંડી હતી ? અરે ભગવાને મને જન્મ શું કરવા આપ્યો હતો ? આવું આવું જોઈને મારી દુર્દશા પર આનંદ માણવા ? આ જગતમાં એને બીજું રમકડું નહોતું મળતું તે બસ મારી જ પાછળ આમ..."[૧૮] વરુણ વર્ગનો ઠોઠમાં ઠોઠ છોકરો હતો અને તેની ખૂંધ નીકળેલી હતી. રેખા એવું સમજે છે કે વરુણ મને ચાહે છે એટલે તેણે મને આ ચિઠ્ઠી લખી છે. તેને જોતાં જ રેખાનું મન ચિત્કારી ઊઠે છે. તે ધિક્કારપૂર્વક તેની સામે જુએ છે અને વાત કરે છે. તે મનમાં ને મનમાં પોતાની જાતને કોસે છે કે હું સાવ આવી કદરૂપી હોઈશ કે કોઈ નહીં ને વરુણ જેવો સાવ ઠોઠ અને કદરૂપો છોકરો મને ચાહે છે. અહીં સુંદર રીતે રેખાની લઘુતાગ્રંથિ સાકારિત થતી જણાય છે.

રેખા અંજના પ્રત્યે જે ધિક્કારભાવ અનુભવે છે તેમાં અંજનાએ રેખા સાથે બીજો એક દુર્વ્યવહાર કરેલો એ પણ જવાબદાર છે. વરુણ પાસેથી રેખા જાણે છે કે અંજના અને રમણ વચ્ચે કશુંક ચાલે છે. રેખા કોઈને આ વાત જણાવી ના દે એ હેતુથી અંજના અને રમણ એક યુક્તિ બનાવે છે. અંજના યોજનાપૂર્વક રેખાને રમણ પાસે મૂકે છે. રમણ બળજબરીપૂર્વક

પોતા સાથે રેખાનો ફોટો પાડી લે છે અને પોતાની અને અંજનાની વાત કોઈને કરશે તો આ ફોટો જગજાહેર કરી દેશે એવી ધમકી આપે છે. અંજનાના આ વર્તાવની રેખાના ચિત્ત પર ખૂબ જ માઠી અસર થાય છે. રેખાના મનમાં હત્યા કરવા સુધીનો જે આક્રોશ ભરાય છે તેમાં આ ઘટના પણ જવાબદાર છે.

રેખા અને અંજનાના વિવાહનો સમય થાય છે. અનેક યુવાનો બંનેને જોવા આવે છે. એમાંથી કૃષ્ણરાજ નામનો એક યુવાન રેખાને ગમી જાય છે. પણ રાતે જ્યારે અંજના તેને પૂછે છે કે 'કેવો લાગ્યો છોકરો ?' ત્યારે રેખા જવાબમાં જુઠ્ઠુ કહે છે કે મને છોકરો નથી ગમ્યો. ખરેખર તો રેખાને કૃષ્ણરાજ ખૂબ ગમ્યો છે. એ તો કૃષ્ણરાજના દિવાસ્વપ્નો પણ જોવા લાગે છે. દિવાસ્વપ્નોમાં તે કૃષ્ણરાજ સાથે વાતો કરે છે. રેખાને કૃષ્ણરાજ ગમતો હોવા છતાં શા માટે તે અંજના સામે જુઠ્ઠુ બોલે છે ? શા માટે પોતાની ખુશીને વ્યક્ત કરવાને બદલે મનમાં જ દાબી રાખે છે અને દિવાસ્વપ્નોમાં જ પોતાની ખુશીને અભિવ્યક્તિ આપે છે ? વ્યક્તિ પોતાની પસંદગી અને નાપસંદગી કોઈ અન્ય સમક્ષ મુક્ત મને રજૂ ના કરી શકે તો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ તેના વ્યક્તિત્વમાં કશું ગરબડ છે એવું કહી શકાય. બાળપણથી અંજના કોઈ ને કોઈ યુક્તિ – પ્રયુક્તિથી રેખાના અધિકારની વસ્તુ પડાવી લેતી હતી. કોઈ પણ રીતે રેખાના મનની ઈચ્છા અને તેની ગમતી વસ્તુ વિશે અંજના જાણી લેતી અને રેખાને પજવવા અથવા રેખાની ગમતી વસ્તુ પડાવી લેવા તેની મમ્મીને રેખા વિરૂદ્ધ ભડકાવતી હતી. આથી રેખાના મનમાં એવો ભય પેસી જાય છે કે જો હું, કૃષ્ણરાજ મને ગમે છે, એ વાત અંજનાને જણાવી દઈશ તો અંજના કોઈ પણ હિસાબે મને કૃષ્ણરાજથી દૂર કરવાના પ્રયાસ કરશે. કૃષ્ણરાજને કોઈ પણ હિસાબે પોતા પાસેથી પડાવી લેશે એવો ભય તેને સતત કોરી ખાય છે. જુઓ : "મને ગમતો કૃષ્ણરાજ અંજનાનો ન બની જાય ત્યાં લગી એને ચેન ક્યાં પડવાનું હતું ? અસલથી એમ જ બનતું આવ્યું હતું, ભવિષ્યમાં પણ એમ જ બનવાનું. જો અંજના અંધારામાં રહે, જો અંજના એમ જ જાણે કે કૃષ્ણરાજ સાથે પરાણે પરાણે મારા વિવાહ કરવામાં આવ્યા છે તો જ મારો બેડો પાર થાય, નહીં તો અધવચ્ચે જ ડૂબે."[૧૯] આ ભયના કારણે જ રેખા અંજના સામે જુઠ્ઠુ બોલે છે.

દેવજીની વહુ લક્ષ્મી બગીચામાં પોતાના બાળકને સ્તનપાન કરાવતી હતી. સામાન્યતઃ કોઈ પણ વ્યક્તિ આવું દૃશ્ય જુએ ત્યારે સભ્યતાપૂર્વક ત્યાંથી નજર ખસેડી લે છે.

માતા પોતાના સંતાનને અમુક રીતે સ્તનપાન કરાવે છે એ આદિઅનાદિકાળથી જાણીતી બાબત છે. પણ રેખા ત્યાંથી નજર ખસેડતી નથી. તે એકધારું ચીવટપૂર્વક એ દશ્ય જોયા કરે છે. આ આખી ઘટના તેના લાગણીતંત્રને પ્રગટ કરી દે છે. તે વિચારે છે : "રેખા ! મન ભરીને જોઈ લે, આંખો ધન્ય કરી લે ! આ જ છે સ્ત્રીના જીવનની પરિપૂર્ણતા, આ જ છે એના હૃદયનો પરમ આનંદ. સ્ત્રી એ સ્ત્રીના જ છે અને સંસ્કૃતિની સો સો પકડોમાંથીયે આખરે એ છૂટીને આ દેશમાં પ્રવેશે છે ત્યારે જ એના આત્માને શાંતિ મળે છે."[૨૦] આ સમગ્ર ઘટનામાંથી રેખાની માતૃત્વઝંખના પ્રગટ થતી જણાય છે. તેને પોતાના જીવનનું સાર્થક્ય માતૃત્વમાં જ જણાય છે. અહીં સ્ત્રી તરીકે તેના હૃદયના અતલ ઊંડાણોમાં પડેલી માતા બનવાની તેની ઝંખના સળવળતી જણાય છે.

કૃષ્ણરાજને ત્યાં જમવા જવાનું છે. આ બાબતે રેખા અને તેના માતા-પિતા વચ્ચે સંવાદ-વિવાદ થયા પછી તેની માતા ગુસ્સાથી તેને સાડી ભરવા જવાનું કહે છે. રેખા સાડી ભરતી હોય છે. ત્યારની તેની મનઃસ્થિતિ જોઈએ જે તેના મનોજગતને તાદશ કરે છે. "એકની એક ભાતના એકના એક ટાંકા સેંકડો વખત ભરી ચૂકી હતી. તોયે સાડીનો પાર આવતો નહોતો. એ પણ મારા જીવન જેવી જ વૈવિધ્યહીન, નીરસ, અનંત બનતી જતી હતી. થોડુંક ભર્યા પછી રેશમના ઝીણા તાંતણામાં નાનકડી ગૂંચ પડી. ગૂંચ સાથે દોરાને ખેંચવા જતાં સાડીમાં કાણું પડતું હતું એટલે તે ઊકલે તો ઉકેલવાની વ્યર્થ મહેનતમાં હું મશગૂલ બની ગઈ. અંતે કંટાળીને મેં એને કાપી નાખી. એ સાથે ભરવાનું કામ સરળ બની ગયું. તે પહેલાંની જેમ ઝડપભેર ચાલ્યું. હું વિચારે ચડી. કાપવાથી નુકસાન થયું હોય તો થોડા દોરાનું. પણ કેટલો ત્રાસ મટ્યો, કેટલો વખત બચ્યો ? પહેલેથી જ ઉકેલવાની મહેનત કરવાને બદલે જો કાપી નાખ્યું હોત...."[૨૧] આ અવતરણમાં રેખાની ગૂંચ બાબતની જે મથામણ વ્યક્ત થઈ છે એ ખરેખર તો તેના જીવનની તત્કાલીન ઘટનાઓ પ્રત્યે પ્રતીકાત્મક સંકેતો કરે છે. અહીં આડકતરી રીતે કૃષ્ણરાજ સાથેના સંબંધો કાપી નાખવાનું સૂચવાયું છે. કારણ કે તે કૃષ્ણરાજને ખૂબ ચાહે છે. અંજનાને આ વાતની ગંધ આવી ગઈ છે. તે કોઈ ને કોઈ રીતે કૃષ્ણરાજને પોતા પાસેથી પડાવી લેશે એવો ભય રેખાને સતાવે છે. આથી તે વિચારે છે કે આના કરતાં તો મેં પહેલેથી જ કૃષ્ણરાજ સાથેનો સંબંધ કાપી નાખ્યો હોત તો જીવનભર જે પીડાદાયક ગૂંચ પડવાની સંભાવના છે એનાથી તો બચી જાત.

કૃષ્ણરાજ સાથે સગાઈ થયા બાદ રેખા એને ત્યાં જાય છે. એ સમયે અંજના રેખાને લેવા આવવાને બહાને અતિશય પારદર્શક વસ્ત્રો પહેરીને કૃષ્ણરાજ સામે આવે છે. કૃષ્ણરાજ એના દેહસૌંદર્યથી આકર્ષાઈ જાય છે. આ ઘટના પછીની રેખાની મનઃસ્થિતિ જુઓ : "રાત્રે મને ઊંઘ ન આવી. મન વિદ્વેષની જ્વાળાથી ભડ ભડ બળવા લાગ્યું. થયું કે અંજનાનું કંઈક અનિષ્ટ કરી નાખું. કોઈ ઉપાયે એના પેલા ઝેરીલા રૂપનો નાશ કરી નાખું. એની ફાંકડી અદા, એના મીઠા મીઠા બોલ, એના દંભની સોનેરી જાળ, એ બધું તોડી ફોડીને ફેકી દઉં, છિન્નવિછિન્ન કરી નાખું – નાશ, સર્વનાશ કરી નાખ્યા વગર મારા મનના ભડકા ઓલવવાના નહોતા."[૨૨] પ્રસ્તુત અવતરણમાંથી અંજનાના માનસિક ત્રાસથી ત્રસ્ત રેખા કેવા પગલાં ભરવા પ્રેરાય છે તેનો ખ્યાલ આવે છે. આજ સુધી અંજનાના બધા અત્યાચાર મૂંગે મોઢે સહતી આવતી રેખા હવે તેનો સર્વનાશ કરી નાખવાનું વિચારે છે. રેખા એના રૂપનો નાશ કરી નાખવાનું વિચારે છે કારણ કે રેખાનું જે કંઈ અનિષ્ટ થયું છે તે અંજનાના રૂપને લીધે જ થયું છે. રેખાનો આ આક્રોશ અકારણ નથી. અંજનાએ પોતાનું જે કંઈ ઝૂંટવી લીધું છે અને જે કંઈ ઝૂંટવાઈ જવાનો ભય છે તેનો આ માનસિક પ્રત્યાઘાત છે.

કૃષ્ણરાજ સાથેનો વિવાહ તોડવાનો હોય છે ત્યારે તે કૃષ્ણરાજને સામેથી કહે છે કે વિવાહ તમે તોડો. કારણ કે એ પોતે તો કૃષ્ણરાજને અંતરથી ચાહે છે એટલે કૃષ્ણરાજના શું અવગુણ દર્શાવે ? એટલે જ વિવાહ તોડવામાં તે વિલંબ કરતી જણાય છે અને પોતામાં કશું ખોટ છે એવું દેખાય એવી યોજના કરી વિવાહ તોડે છે.

રેખા કીર્તિ પ્રત્યે શા માટે ખૂબ સ્નેહ ધરાવે છે ? એ તો એને ઓળખતી પણ નહોતી. છતાં તે પોતાના બધાં વસ્ત્રો, પોતાની બધી વસ્તુઓ બેઝીઝક કીર્તિને આપે છે. રેખાનો મૂળ સ્વભાવ તો આવો હતો જ નહિ. એ તો પોતાની વસ્તુને કોઈ અડે એ બિલકુલ સહન નહોતી કરી શકતી. તો આવું પરિવર્તન શા માટે ? એનું કારણ એ છે કે જેના દ્વારા તે હંમેશ સ્વમાનભંગનો ભોગ બનતી એ અંજનાના અહમ્‌ને ઠેસ પહોંચાડવા એ મથતી હતી. એ પોતે તો કશું નથી કરી શકતી પણ પ્રદીપ અંજનાના અભિમાનને ચકનાચૂર કરી શકે એમ છે એ બાબત તે જાણી જાય છે. એટલે તેનું અંતરમન પ્રફૂલ્લિત થઈ ઊઠે છે. તે રાજીખુશીથી પ્રદીપની પત્ની કીર્તિ પર સ્નેહ વરસાવે છે.

કૃષ્ણરાજ રેખાને ખૂબ ગમતો. પણ એને ખ્યાલ આવી જાય છે કે અંજના પોતાના રૂપની મોહિનીથી કૃષ્ણરાજને પોતા પાસેથી પડાવી લેશે. આથી, તે પહેલાંથી જ કૃષ્ણરાજ સાથેનો વિવાહ તોડી નાખે છે. તેમ છતાં અંજના તેને પીડા આપવાનું નથી ભૂલતી. તે કૃષ્ણરાજને પોતાની પ્રેમજાળમાં ફસાવે છે. તેની સાથે ભાગી જવાની યોજના બનાવે છે. અંજના સાથે ભાગી જવા કૃષ્ણરાજ પોતાનું ઘર, સ્વજનો બધાંને છોડીને આવે છે. પણ અંજના એને દગો દે છે. તે રેખાને કૃષ્ણરાજ પાસે મૂકે છે. કૃષ્ણરાજ અંજના સાથે ભાગી જવાનો હતો એ જાણીને રેખાને આઘાત લાગે છે. તેને કૃષ્ણરાજની લાચારીની ખૂબ દયા આવે છે. જેને તે ખૂબ પ્રેમ કરતી એ કૃષ્ણરાજ અંજના જેવી સ્ત્રીના લીધે લાચાર બને છે એ બાબત તેના મનને ઠેસ પહોંચાડે છે.

આ પછી અંજના પ્રદીપને પણ પોતાની માયાજાળમાં ફસાવે છે. પણ રેખા કીર્તિને સમજાવીને એ બંને પતિપત્નીને ત્યાંથી ભગાડી મૂકે છે. આ સમયે અંજના રેખાને પોતે કૃષ્ણરાજ સાથે ભાગવાની હતી એ રાતની યાદ અપાવે છે. રેખા ગુસ્સે થઈને અંજનાને તમાચો મારે છે. રેખાએ મારેલો તમાચો બહુ સૂચક છે. તેની સહનશક્તિ હવે ખૂટી ગઈ છે એ સૂચવાયું છે. રેખાનો માનસિક તણાવ હવે હિંસામાં પણ પરિણમ્યો છે એવું પણ અહીં સૂચવાયું છે. તેની આ હિંસકવૃત્તિ જગત પ્રત્યે પણ છે અને સ્વ પ્રત્યે પણ ! તેની માતા તેના પર દબાણ આપે છે કે તું હવે પરણી જા. પણ રેખા ના પાડે છે. માતા તરફથી દબાણ વધતા રેખા આપઘાત કરી લેવાની ધમકી આપે છે. સવાલ થાય કે શા માટે રેખા લગ્ન કરતાં આપઘાતને વધુ પસંદ કરે છે ? એનો જવાબ કૃષ્ણરાજ સાથેના તેના સંબંધમાંથી મળી રહે છે. એ જાણે છે કે હું જેને પણ પરણીશ એને અંજના પોતાની માયાજાળમાં ફસાવી લેશે. જેને તે ખૂબ ચાહતી હોય એ વ્યક્તિ અંજનાની થઈ જાય અને પોતાનું સ્વમાન ઘવાય એવી નોબત આવે એ પેલા તે પરણાવાનું જ માંડી વાળે છે.

અત્યાર સુધી રેખા લઘુતાગ્રંથિથી પીડાતી હતી પણ તેની માતા જ્યારથી બીમાર પડે છે ત્યારથી તે અપરાધભાવ પણ અનુભવવા લાગે છે. તે જાણતી હતી કે મા તેને બહુ પસંદ નથી કરતી એટલે તે તેનાથી દૂર રહેવાનું વધારે પસંદ કરતી. માતા બીમાર પડે છે ત્યારે રેખાના બાપુની ઈચ્છા હતી કે રેખા સ્વયં એની માની સેવા કરે પણ આ સમયે રેખા એવું વિચારે છે કે માતાને મારા કરતાં અંજના પ્રત્યે વધારે સ્નેહ છે એટલે જો અંજના તેમની સેવા

કરશે તો તે વધારે દુ:ખી થશે. આ વિચાર સાથે તે બાપુ સમક્ષ ચિત્ર શીખવાના ક્લાસ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂકે છે. બાપુ ગુસ્સા અને અણગમા સાથે પ્રસ્તાવને મંજૂરી આપે છે ત્યારે રેખા જે અપરાધભાવ (Guilt) અનુભવે છે. જુઓ : "હું રેખા જ રહી. મારી મા જેને ચાહી શકે, સ્વીકારી શકે એવી દીકરી ન બની. મારા મનમાં વસી ગયું કે અમારા ઘરના બધા કમભાગ્યનું મૂળ કારણ હું જ છું. હું જ અપરાધી છું – માની, બાપુની, નોકરચાકરોની, મારી જાતની, અંજનાની સુધ્ધાં."[૨૩]

એની માતા મૃત્યુ પામે છે ત્યારે તો એનો અપરાધભાવ (Guilt) ખૂબ ઘૂંટાતો જણાય છે જુઓ : "હું કોઈને શું કહું ? મારો શોક - એ માત્ર મારી માના મૃત્યુ માટે નહોતો, અમારા બન્નેના આખા જીવન માટે હતો, ખાસ કરીને મારી પોતાની દુર્બળતા અને ખામીઓ માટે હતો. શા માટે, શા માટે જીવનમાં એક વાર પણ મેં મોં ખોલીને મારી માને ન કહ્યું કે હું એને ચાહું છું, મારે એનો પ્રેમ જોઈએ છે ?"[૨૪] બીજું એક અવતરણ જુઓ : "હું જાણતી હતી કે મા, બાપુ, અંજના, કોઈનો વાંક નહોતો. મારા પોતાના સૂક્ષ્મ અહંકારની દીવાલ અમારા બેની વચ્ચે અભેદ્ય રેશમી પટ બનીને ઊભી હતી. એને તોડીને હું મારી માને મળી શકી હોત, પણ રે ! એમ ન બન્યું."[૨૫] રેખા અહીં જે અપરાધભાવ રજૂ કરે છે એ એણે આજ સુધી અનુભવેલા લઘુતાભાવનું પરિપક્વ ફળ છે. તેની લઘુતાગ્રંથિ જ ધીમે ધીમે અપરાધભાવમાં પરિણમે છે. અત્યાર સુધી એ એવું જ વિચારતી કે મારી માતા મને નથી ચાહતી કે મારી જરા પણ દરકાર નથી કરતી. અહીં તેનો લઘુતાભાવ સૂચવાય છે. જ્યારે માતાના મૃત્યુ પછી તે વિચારે છે કે શું મેં મારી માતાને એક પણ વાર કહ્યું કે હું તને ચાહું છું ? અર્થાત્ હવે તે પોતાની જાતને અપરાધી માને છે. રેખા અંતર્મુખી વ્યક્તિત્વ (Introvert Personality) ધરાવે છે. તે પોતાની વેદનામાં અંદર ને અંદર ઘૂંટાયા કરે છે. પોતે કેવા માનસિક સંતાપમાંથી પસાર થાય છે એવું કોઈ સમક્ષ તે કહી નથી શકતી. તેના આવા અંતર્મુખી વ્યક્તિત્વ માટે પારિવારિક વાતાવરણ જ જવાબદાર છે. નાનપણમાં તે નોકરાણીઓ પાસે રહીને ઉછરી છે. માતા એના પ્રત્યે પહેલેથી દુર્ભાવ રાખતી. માતાને કશું પૂછવા જતાં તેને સ્નેહરહિત જવાબ મળતો. ધીમે ધીમે માતાને પૂછવા જવામાં તેને પોતાનું સ્વમાન ઘવાતું લાગે છે. આથી તે પોતાની પીડા કોઈને કહી શકતી નહોતી. આમ ધીરે ધીરે એને અંદર ને અંદર ઘૂંટાયા કરવાની ટેવ પડી જાય છે. તેનું વ્યક્તિત્વ અંતર્મુખી બની જાય

છે. તે પોતાની સંવેદનાને અભિવ્યક્તિ નથી આપી શકતી. આજ બાબત માતાના મૃત્યુ બાદ તેના અપરાધભાવમાં પરિણમે છે. તેણે એ સમયે લઘુતાભાવની પરવા કર્યા વિના પોતાની વેદનાને માતા સમક્ષ વાચા આપી હોત તો પરિણામ કંઈક જુદું હોત. છતાં આ એક સંભાવના જ છે. આપણી સામે તો રેખાના જીવનની નક્કર વાસ્તવિકતા છે. જીવનની નક્કર વાસ્તવિકતા એના જીવનને કેવી દિશા આપે છે એ જોઈએ.

‘કળાની ઉપયોગિતા’ અને ‘કળા દ્વારા ધનપ્રાપ્તિ’ આ બાબતે પશ્ચિમ અને પૂર્વમાં અનેક ચિંતકોએ ચર્ચાઓ કરી છે. મમ્મટ, ભામહ જેવા આપણાં ઘણાં સંસ્કૃત સાહિત્યવિચારકોએ ધનપ્રાપ્તિને કળાનું પ્રયોજન પણ ગણાવેલ છે. તો પ્લેટો જેવા પશ્ચિમી ચિંતકોએ ઉપયોગિતાવાદી દષ્ટિકોણથી કળાની મૂલવણી પણ કરેલ છે. Globalization ના આ જમાનામાં, જ્યારે કળાનું માર્કેટિંગ વિશાળ રૂપ ધારણ કરી રહ્યું છે ત્યારે આજે પણ આ મુદ્દો પુનઃવિચારણા માગે એવો છે. તેના વિશે આજે પણ વિવાદો થતા રહે છે. પ્રસ્તુત નવલકથાના લેખક પણ આ સંદર્ભે રેખાના પાત્ર દ્વારા પોતાના મંતવ્યોને અભિવ્યક્તિ આપતા જણાય છે. રેખા ચિત્રો દોરવાનું શરૂ કરે છે. તે પોતાની સંવેદનાને ચિત્રોરૂપે વાચા આપે છે. રંગ અને રેખાના માધ્યમથી તે પોતાના સપનાંઓને સાકાર કરતી હોય એવું લાગે છે. તે પેલી જાણીતી રેખા કરતાં જુદાં જ, એક ધૂની રેખાના, વ્યક્તિત્વમાં રૂપાંતરિત થતી જતી હોય એવું અનુભવે છે. તેના ચિત્રો ખરીદનાર પણ મળી આવે છે. રેખાને પૈસેટકે તો કશી મુશ્કેલી હતી જ નહિ છતાં એને વિચાર આવે છે કે શા માટે હું પોતે પગભર ન થવું ? તે પોતાના ચિત્રોનું વેચાણ કરીને આર્થિક રીતે પગભર થવાનું વિચારે છે. રેખા કોઈ હેતુ વિના માત્ર આનંદખાતર ચિત્રો દોરતી હતી ત્યારે તેમાં એને નરી મુગ્ધતા અને યથેચ્છ આયાસહીન ઉડ્ડયન અનુભવાતું હતું પણ જ્યારથી તે આર્થિક રીતે સધ્ધર થવાના હેતુથી ચિત્રો સર્જવા લાગે છે ત્યારથી તે ચિત્રસર્જન બાબતે વધારે સચેત બની હોય એવું અનુભવે છે. કહેવાનો અર્થ એ છે કે આજની બજારમાંગ (Market Demand) સર્જકને પણ નવી રીતે વિચારવા અને અભિવ્યક્ત થવા પ્રેરતી હશે, જૂનીપુરાણી રચનારીતિ છોડી નવી રચનારીતિ અપનાવવા સૂચવતી હશે.

સર્જક પોતાની આર્થિક જરૂરિયાત સંતોષવા પોતાની કૃતિને બજારમાં મૂકે છે એ સમયે તે જે મથામણ અનુભવે છે તે પણ અહીં સુંદર રીતે રજૂ થઈ છે. આ સંદર્ભે રેખા જ્યારે

પોતાના ચિત્રો વેચે છે એ સમયની એની સર્જક તરીકેની મથામણ જુઓ : “ચિત્ર વેચાઈ જતું ત્યારે પણ મને એક વિચિત્ર અનુભવ થતો. જાણે મારા મનમાં એક તીવ્ર સંઘર્ષ ચાલી રહ્યો છે. એક પક્ષ કહે છે, ‘આ તારું પોતાનું સર્જન છે. તારી જાતનો એક ટુકડો છે. એને આપી દઈને હવે તું સદાકાળને માટે એને ગુમાવી રહી છે. ફરી ક્યારે તું એને જોઈ શકીશ, ફરી ક્યારે એના પર તારો અધિકાર સ્થાપી શકીશ ?’ તે સાથે જ બીજો એક પક્ષ બોલી ઊઠતો, ‘આ ચિત્ર આખરે એના નિર્માણનો હેતુ પરિપૂર્ણ કરવા જઈ રહ્યું છે, તારી અને જગતની વચ્ચે એક સેતુ બનીને એ રહેશે. તારા મનની વાતો, તારાં સ્વપ્નો કહેવા એ જાય છે, એને વિદાય આપ.’ ”[૨૬] કોઈ પણ કળાકૃતિ એ સર્જકનું માનસસંતાન હોય છે. તેમાં સર્જકે પોતાના જીવનના અનુભવરૂપી રંગો પૂર્યા હોય છે. એટલે સહજપણે એ પોતાની અભિવ્યક્તિ પ્રત્યે માલિકીભાવ ધરાવતો હોય છે. એ તેને વેચવા નથી ઈચ્છતો. પણ આર્થિક જરૂરિયાત અથવા યશ કમાવાની કામના અથવા પોતે અનુભવેલા ભાવોને અન્ય સુધી સંક્રાંત કરવા તે સ્વરચિત રચનાને વેચવા પ્રેરાય છે. ચિત્ર વેચતી વખતે રેખાએ જે ગડમથલ અનુભવેલી એવી ગડમથલમાંથી દરેક સર્જક પોતાની સ્વરચિત કૃતિ વેચે છે ત્યારે પસાર થતો હોય છે. આમ સર્જકનું પોતાની કળાકૃતિ પ્રત્યેનું મનોવલણ કેવું હોય છે એ અહીં સુંદર રીતે નિરૂપાયેલું છે.

જૂની નોકરાણી રૂખી રેખાને મળવા આવે છે. અંજના એ બન્નેને પોતાના ઘરેણાં દેખાડે છે. અંજના થોડા સમય માટે ઘરેણાં ત્યાં મૂકીને જાય છે. ફરી પાછી આવે છે ત્યારે, રેખા પર આરોપ મૂકે છે કે તેં મારો સોનાનો તોડો ચોરાવ્યો છે. પોતાના જ ઘરમાં નોકરચાકરોની સામે પોતાનું આવું હળહળતું અપમાન રેખા માટે અસહ્ય અને આકરું બની રહે છે. એ રાતે જ તે ઘર ત્યાગવાનું વિચારે છે. ઘર છોડીને તે અસીમ પાસે જાય છે. એક ચિત્રપ્રદર્શનમાં રેખાને અસીમનો પરિચય થયો છે. ધીમે ધીમે મુલાકાતો વધે છે. બન્ને એકબીજા પ્રત્યે આકર્ષણ અનુભવે છે. રેખા ઘર છોડે છે ત્યારે એને અસીમનો જ વિચાર આવે છે. તે એને ત્યાં જાય છે અને લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. બંને લગ્ન કરે છે. લગ્ન પછી પણ અતીતના ભયથી તે મુક્ત થઈ શકતી નથી. આથી તે ફરી ચિત્રો દોરવાનું શરૂ કરે છે. અસીમથી તેને બેલા નામની દીકરી થાય છે. તે બેલાના ઉજ્જવળ ભાવિ વિશે સપનાંઓ સેવે છે. એક દિવસ તેને અસીમના ખીસ્સામાંથી એક કાગળ મળે છે. કાગળમાંના અક્ષર

જોઈ તેને ફાળ પડે છે. તે અંજનાના અક્ષર ઓળખી જાય છે. તેને અસીમના ચરિત્ર પર શંકા થાય છે. અસીમે બચાવ માટે આપેલા જવાબોથી શંકા ગાઢ થાય છે. બન્ને વચ્ચે ઝઘડાઓ થવા લાગે છે. આ અરસામાં જ તેને ખબર મળે છે કે તેના પિતા મરણ પથારીએ છે. તે કોઈ પણ હિસાબે પિતાને મળવા ચાહે છે. તે જાય છે પોતાને ઘેર. ત્યાં અસીમ અને અંજના હતાં. અંજના તેને રોકે છે. રેખા તેને ઘણી આજીજી કરે છે પણ અંજનાને લાગે છે કે રેખા મિલકત માટે આ બધું નાટક કરે છે. એટલે એ તો ઊલટાની વધારે ધુત્કારે છે. મરળપથારીએ પડેલા પિતાને અંતિમવાર મળવા આવેલી રેખા ઉશ્કેરાઈને બાજુમાં પડેલી લોખંડની મૂર્તિ અંજનાના માથા પર મારે છે. અંજના ત્યાં જ ફસડાઈ પડે છે. આ અપરાધ બદલ તે જેલમાં છે.

તેણે કરેલા અપરાધની તે માફી નથી માગતી. પણ આવું કૃત્ય શા માટે કર્યું એ બાબતે તેણે કરેલી રજૂઆત ભાવકહ્દયને સ્પર્શી જાય છે. તેણે કરેલી રજૂઆત આપણને તેના અપરાધ વિશે અને ન્યાયાલય તેને જે સજા કરે એ અંગે પુનર્વિચાર કરવા પ્રેરે છે. તેની વેદના જુઓ : "હત્યા કરવાનો મારો પ્રયત્ન તમારા સૌની આંખે ચડ્યો છે, એનો નથી ચડ્યો. બાકી જે મેં એક ક્ષણના ક્રોધમાં કરી નાખ્યું તે એણે જીવનભર, જાણી જોઈને, પૂર્વનિર્મિત યોજના પ્રમાણે કર્યા જ કર્યું છે. ક્યારેય ક્ષણ માટે પણ એ થંભી નથી, નથી જરા વાર વિસામો ખાધો. એનું આખું જીવન જ એક અપરાધ છે. તમારા કાયદાનાં જાડાં જાડાં થોથાંઓમાં ક્યાંય એને માટે કોઈ શિક્ષા નથી લખી ?"[૨૭] તે પોતાને થયેલાં અન્યાયને; પોતા પર થયેલા માનસિક અત્યાચારને પોતે કરેલા અપરાધ માટેનું કારણભૂત પરિબળ ગણાવે છે. એને પોતાના કૃત્ય બદલ જરા પણ પસ્તાવો થતો નથી. જુઓ તે વિચારે છે : "હ્દયના ઊંડાણમાં કોઈ ગ્લાની નથી, પશ્ચાતાપ નથી. અપરાધપણાનો ભાવ નથી. આ હાથે જે થઈ ગયું છે, તેને માટે લગારે દુઃખ થતું નથી."[૨૮] હત્યા કરવાના પ્રયાસ જેવું અસામાન્ય વર્તન આચરવા છતાં તેને કોઈ પસ્તાવો નથી. કારણ કે એને મન એણે જે કંઈ કર્યું છે તે અપરાધ નથી. તેના અસામાન્ય કર્તૃત્વ માટે તે અંજનાને જ જવાબદાર ગણાવે છે.

આમ, આપણે જોઈ શકીએ છીએ કે રેખાએ આચરેલા અસામાન્ય, અસામાજિક વર્તન-વ્યવહાર પાછળ અનેક પરિબળો કારણભૂત છે. આ પરિબળોએ જુદી જુદી રીતે રેખાના માનસિક જીવનને અસર કરી તેને આવું અસામાન્ય વર્તન આચરવા દોરી છે.

## ૫.૪. : શોષિત (રેખા) ના દષ્ટિકોણથી શોષક (અંજના) નું ચરિત્રચિત્રણ :

પ્રસ્તુત નવલકથામાં આવતું અંજનાનું ચરિત્ર સાદ્યંત ખલનાયિકા સમું લાગે છે. માતા વિનાની અંજના પિતાને આફ્રિકા જવાનું હોવાથી ફોઈને ત્યાં રહેવા આવે છે. ત્યાં નવલકથાકારે તેને સતત કોઈ ને કોઈ રીતે રેખાને માનસિક ત્રાસ આપતી વર્ણવી છે. અંજનાને સર્જકે છેક બાળપણથી તે નવલકથાના અંત સુધી ઈર્ષાળુ દેખાડી છે. એની ઈર્ષા અને વેરાગ્નિની કોઈ સીમા નથી. મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી ચકાસીએ તો સહેજે સવાલ થાય કે અંજનાના આવા ઈર્ષા અને વેરભાવસભર સ્વભાવ પાછળ કયા પરિબળો હશે ? લેખકે અંજનાના પાત્રને નવલકથામાં સાદ્યંત ઈર્ષાળુ અને રેખાને હેરાન-પરેશાન કરતું દેખાડી તેને અન્યાય તો નથી કર્યોને ? તદનુસંધાને પહેલી નજરે એવું જ લાગે કે સર્જકે અંજનાના ચરિત્રને અન્યાય કર્યો છે. લેખકે નવલકથામાં ક્યાંય અંજનાનું વ્યક્તિ તરીકે એક પણ સારું પાસું નથી દર્શાવ્યું. આ કારણે આપણને સહેજે થાય કે કોઈ વ્યક્તિ આટલી હદે સ્વભાવનું ખરાબ હોઈ શકે ? તેનામાં સેજ પણ માણસાઈ નહીં હોઈ ? અહીં ભાવકસમક્ષ તરત સવાલ ઊભો થાય પ્રતીતિકરતાનો. અંજનાની વર્તણૂક ઘણીવાર અપ્રતીતિકરતાની કક્ષાએ જઈ ચડે છે. પણ ભાવક જો બીજી એક બાબત ધ્યાનમાં રાખે તો અંજનાના અપ્રતીતિકર લાગતા પાત્ર સંદર્ભે રસાસ્વાદમાં જે વિઘ્ન આવે છે તેને ટાળી શકે. એ બાબત છે નવલકથાની નિરૂપણશૈલીમાં યોજાયેલ આત્મકથનાત્મક કથનશૈલી.

લેખકે અહીં જે કથા રજૂ કરી છે તેમાં રેખાનું ચરિત્ર કેન્દ્રમાં છે અને કથક પણ રેખા સ્વયં છે. સર્જકે આ માટે અહીં ડાયરીની પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. પેલી સાધ્વી રેખાને પશ્ચાતાપ કરવાની સલાહ આપવા આવે છે. એ સમયે રેખા તેને પોતાની ડાયરી આપે છે અને કહે છે કે હું મારી જાતને ગુનેગાર શા માટે નથી ગણતી એના કારણો તમને આ ડાયરીમાંથી મળી રહેશે. પછીની કથા પેલી સાધ્વી ડાયરીમાંથી વાંચે છે. આથી નવલકથામાં જે કઈ અભિવ્યક્તિ થઈ છે તે રેખાની ડાયરીરૂપે, રેખાના દષ્ટિકોણ મુજબ થઈ છે. રેખા સતત અંજના દ્વારા પીડાતી રહી છે. આથી, તેને અંજનાનું વ્યક્તિત્વ હરહંમેશ દોષપૂર્ણ લાગે એ ખૂબ સહજ છે. અંજના વિશે તે જે કંઈ વિચારે, અનુભવે છે એ યથાતથ એણે આપણી સમક્ષ રજૂ કર્યું છે. આથી સર્જકે અંજનાના પાત્રને અન્યાય કર્યો છે અથવા સર્જકે અંજનાના વ્યક્તિત્વનું એક પાસું જ ભાવક સમક્ષ પ્રગટ કર્યું છે એવા દોષમાંથી બચી જાય

છે. ઉપરથી શોષિત વ્યક્તિ દ્વારા જ શોષણકારનું વ્યક્તિત્વ રજૂ થતા પાત્રની પ્રતીતિકરતા વધારે સઘન બને છે. આમ, નવલકથામાં પ્રયોજાયેલ ડાયરી પ્રયુક્તિ અને પ્રથમ પુરુષ એક વચનની કથનરીતિનો વિનિયોગ નવલકથાને પ્રતીતિકર બનાવી કથારસને જાળવી રાખે છે.

આ સિવાય હજુ એક બાબત છે જે ભાવકને અંજના સમભાવ કેળવવા પ્રેરે છે. પોતાની ઓળખ (Identity) ઊભી કરવી અને જાળવી એ જેમ રેખા માટે તેમ અંજના માટે પણ પ્રાણપ્રશ્ન છે. માતા મૃત્યુ પામી હોવાથી અને પિતા વિદેશ જતા હોવાથી અંજના રેખાને ત્યાં રહેવા આવે છે. આમ, પરિસ્થિતિ તેને રેખાને ત્યાં રહેવા આવવા માટે લાચાર બનાવે છે. નવા ઘેર આવ્યા પછી તેણે અહીં પોતાની એક નવી જ છાપ ઊભી કરવાની હતી. એક સંભાવના એવી પણ છે કે જો તે આટલી તકસાધુ અને ઈર્ષાળુ ના બની હોત તો કદાચ તે ખૂદ લઘુતાગ્રંથિનો ભોગ બની જાત. આ ઘરમાં તેના માસી જ તેનો આધાર છે. માસીનો તેના પ્રત્યેનો પ્રેમભાવ ઓછો થઈ જાય તો તેનું અસ્તિત્વ પણ જોખમમાં મૂકાય. એટલે તે કોઈપણ રીતે, રેખાના ભોગે પણ માસીને ખુશ રાખવા મથે છે. માસી પણ તેના પ્રત્યે ગાઢ અનુરાગ દર્શાવે છે. આથી તેની મહત્વકાંક્ષાઓ પોષાતી અને વધતી રહે છે. જ્યાં માત્ર અસ્તિત્વ ટકાવી રાખવાની મથામણ હતી, ત્યાં હવે ઘરની માલકિન, સર્વસત્તાધીશ થવાની મહત્વાકાંક્ષાને પણ પોષણ મળતું લાગે છે. આમે તે આર્થિક રીતે સામાન્ય એવા ઘરમાંથી આવા જાહોજલાલીભર્યા ઘરમાં આવી છે એટલે સહજ છે કે તેની ધનલાલસા અને સત્તાલાલસા તીવ્ર હોય.

## ૫.૫. : 'વડવાનલ' કથાઘાટ અને મનોવિશ્લેષણાત્મક અભિગમ :

આ નવલકથા ૧૯૬૩ માં પ્રગટ થઈ છે. આ અરસામાં જે નવલકથાઓ લખાય છે તે પાશ્ચાત્ય આધુનિક સાહિત્યની આબોહવા હેઠળ લખાયેલી અનુભવાય છે. આથી પરંપરાગત ગુજરાતી નવલકથા કરતાં આ નવલકથાઓનો સૂર (Tone) બદલાયેલો જણાય છે. પ્રસ્તુત નવલકથા પણ સાહિત્યની બદલાતી જતી તાસીર ઝીલીને રચાયેલી હોય એવું અવશ્યપણે લાગે. સમાજ કરતાં અહીં કોઈ એક વ્યક્તિની વેદનાને વાચા આપવાનું લેખકે ઉચિત ગણ્યું છે. નવલકથાનો સૂર કરુણ-ગંભીર છે. નવલકથામાં સતત આપણને એકલતા (Allianation), વિષમ અને વેરભાવસભર મનોદશા, માનસિક ઉચાટ,

છેતરપીંડી, સ્પર્ધા, કોઈને ઉતારી પાડવાની વૃત્તિ, આસપાસના પરિવેશનો અને લોકોનો ભય, અવિશ્વાસ અને સંત્રસ્ત મનઃસ્થિતિનો અનુભવ થાય છે. આ કૃતિને ઘટનાપ્રધાન પણ કહી શકાય. રેખાએ ડાયરીરૂપે જે પ્રસંગો રજૂ કર્યા છે એમાંના મોટાભાગના પ્રસંગો પોતાનું દુઃખ દર્દ અભિવ્યક્ત થાય એ રીતે જ રજૂ કર્યા છે. ઉપર દર્શાવેલા આધુનિક સાહિત્યના લક્ષણો આ પ્રસંગોમાંથી પ્રગટ થાય છે. અર્થાત્ કૃતિમાં આધુનિકતાવાદના જે લક્ષણો પ્રગટ થયા છે તે ઘટના આધારિત છે. સર્જકે અહીં જે ભય કે માનસિક સંત્રાસનું વાતાવરણ ખડું કર્યું છે તે રેખાના જીવનમાં બનતા પ્રસંગોના આધારે ખડું કર્યું છે. આ નવલકથા ઘટનાપ્રધાન હોવાનો બીજો એક લાભ એ છે કે નવલકથામાં નિરૂપાયેલા પાત્રોની માનસિકતાનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવા આવશ્યક સામગ્રી આ પ્રસંગોમાંથી બહુ સરળતાથી મળી રહે છે. રેખાએ જે પ્રસંગો રજૂ કર્યા છે તેમાં એકબાજુ અંજનાની કંઈક ક્રિયા છે અને બીજીબાજુ રેખાએ એ બાબતે આચરેલી પ્રતિક્રિયા છે. આના કારણે વિવેચકને નવલકથાનો મનોવિશ્લેષણાત્મક અભ્યાસ કરવાનું સરળ બની જાય છે. નવલકથા બોલકી બની જતી હોય એવું લાગે છે. રેખાને અંજના સાથેના સંબંધ સંદર્ભે જે યાદ આવી એ બધી વિગતો અહીં રજૂ કરી દીધી છે. આના કારણે રેખાની વેદના ધારદાર બનવાને બદલે વારંવાર એની એ વેદનાનું પુનરાવર્તન થતું હોય એવું અનુભવાય છે.

### ૫.૬. : ઉપસંહાર :

સમગ્રતયા જોતાં નવલકથામાં નિરૂપાયેલી કથાની માવજતમાં અને કથનરીતિમાં મનોવિજ્ઞાનનો પ્રભાવ વર્તાય છે. રેખાનું પાત્ર નવલકથાને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તપાસવા વિવેચકો માટે પૂરતો અવકાશ રચી આપે છે. અંજનાના પાત્ર સંદર્ભે પણ મનોવૈજ્ઞાનિક તપાસ કરવાનો અવકાશ છે.

### ૫.૭. : પાદટીપ :

૧ વડવાનલ, ધીરુબહેન પટેલ; પ્રકાશન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; પુનર્મુદ્રણ, ૨૦૦૯; પૃ. ૦૫

૨ એજન; પૃ. ૧૦

૩ એજન; પૃ. ૪૦

૪ એજન; પૃ. ૦૯

૫ એજન; પૃ. ૨૬

૬ એજન; પૃ. ૩૦

૭ એજન; પૃ. ૪૨

૮ એજન; પૃ. ૯૨

૯ એજન; પૃ. ૮૫

૧૦ એજન; પૃ. ૮૭

૧૧ એજન; પૃ. ૧૦૭

૧૨ એજન; પૃ. ૧૦૯

૧૩ એજન; પૃ. ૧૧૫

૧૪ એજન; પૃ. ૧૫૬

૧૫ એજન; પૃ. ૧૨૨

૧૬ એજન; પૃ. ૧૨૭

૧૭ એજન; પૃ. ૧૭૦

૧૮ એજન; પૃ. ૧૭૮

૧૯ એજન; પૃ. ૨૫૯

૨૦ એજન; પૃ. ૨૫૬

૨૧ એજન; પૃ. ૨૬૪

૨૨ એજન; પૃ. ૨૯૯

૨૩ એજન; પૃ. ૪૦૭

૨૪ એજન; પૃ. ૪૧૭

૨૫ એજન; પૃ. ૪૧૭

૨૬ એજન; પૃ. ૪૨૭

૨૭ એજન; પૃ. ૫૩૫

૨૮ એજન; પૃ. ૫૩૬